| | |
|---|---|
| કેસ દાખલ કર્યા તા. | ૨૪/૦૪/૨૦૨૪ |
| કેસ રજી.લીધા તા. | ૨૪/૦૪/૨૦૨૪ |
| ઠરાવ જાહેર કર્યા તા. | ૦૭ /૦૩ /૨૦૨૬ |
| સમયગાળો : | <u>વર્ષ : માસ : દિવસો :</u><br>૦૧ – ૧૦ – ૧૩ |

**ભિલોડાના નામદાર એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ,ભિલોડા,જી.અરવલ્લી**

**<u>ક્રો.પ.અ. નં.૧૨૨/૨૦૨૪</u>**
**આંક– ૧૩**

**(૧) બુવળ લિલાબેન ધુળજીભાઈ**
**વા/ઓ દિનેશભાઈ કાનજીભાઈ બરંડા,**
**ઉ.વ.આ.૫૬, ધર્મે–હીન્દુ આદીવાસી,ધંધો–નોકરી,**

**(૨) વિહાબેન દિનેશભાઈ બરંડા,**
**ઉ.વ.આ.૦૮, ધર્મે–હીન્દુ આદીવાસી,ધંધો–નોકરી,**
**બંને રહે.નવા ભવનાથ,તા.ભિલોડા,જી.અરવલ્લી.**
**::– અરજદારો**

**વિરુધ્ધ**

**(૧) બરંડા દીનેશભાઈ કાનજીભાઈ,**
**ઉ.વ.આ.૫૭,ધર્મે–હીન્દુ આદીવાસી,ધંધો–ડ્રાઈવીંગ,**

**(૨) બરંડા જગદીશભાઈ કાનજીભાઈ,**
**ઉ.વ.આ.૫૦,ધર્મે–હીન્દુ આદીવાસી,ધંધો–ખેતી,**

**(૩) બરંડા દશરથભાઈ કાનજીભાઈ,**
**ઉ.વ.આ.૪૭,ધર્મે–હીન્દુ આદીવાસી,ધંધો–ખેતી,**
**બધા રહે.ગંભીરપુરા,તા.ભિલોડા,જી. અરવલ્લી.**
**રહે.કમઠાડીયા,પો.ચુનાખણ,તા.ભિલોડા,જી. અરવલ્લી.**
**::– સામાવાળાઓ**

**બાબત:–<u>ઘરેલુ હિંસાથી સ્ત્રીઓની સુરક્ષાના અધિનિયમ –૨૦૦૫ ની કલમ–૧૮,૧૯,૨૦,૨૨ અને ૨૩ મુજબ.</u>**

**અરજદાર તરફે વિ. વ. શ્રી બી.એમ.પારઘી**

**સામાવાળાઓ તરફે વિ. વ. શ્રી કોઈ નહી**

**<u>–:: ઠરાવ ::–</u>**

(૧) આ કામમા અરજદારની અરજીની ટુંક વિગત જોવામાં આવે તો,આ કામમા અરજદારના લગ્ન સામાવાળા નં.૧ સાથે હીન્દુ આદીવાસી સમાજના રીતરીવાજ પ્રમાણે થયેલા તથા અરજદાર અને સામાવાળા નં.૧ કાયદેસરના પતિ પત્ની થયેલા અને પત્ની તરીકે ફરજ નિભાવતા હતા.અરજદારને લગ્નજીવનથી બે પુત્ર નામે અજય તથા વિજયનો જન્મ થયેલ તથા પુત્રી વિહાને દત્તક તરીકે સામાવાળા નં.૧ ની સંમતિથી રાખેલ છે.આ કામના સામાવાળાઓએ અરજદારને શરુઆતમાં સારી રીતે રાખેલ તથા ત્યારબાદ પાંચેક વર્ષ બાદ શારીરીક અને માનસીક ત્રાસ આપવાનુ ચાલુ કરેલ.અરજદાર શિક્ષીકા તરીકે નોકરી કરતા હોય અરજદારે સામાવાળા નં.૧ ને ઈકો ગાડી લઈ આપેલ અને તેઓ પેસેન્જરમાં ફેરવતા હતા તથા ગંભીરપુરા મુકામે વડીલોપાર્જીત જમીનમાં ખેતી કરતા હતા.અરજદારે ગંભીરપુરા મુકામે લોન લઈ મકાન બનાવેલ અને લોનના હપ્તા ભરતા હતા તથા સામાવાળા અરજદાર ઉપર શંકા વહેમ રાખી નાની નાની વાતોમાં વાંક કાઢી મારકુટ કરતા હતા અને બાળકોને પણ મારતા હતા તથા અરજદાર અને તેઓના બાળકોને ઘરમાંથી કાઢી મુકેલ જેથી ભીલોડા પો.સ્ટે.માં ફરીયાદ આપેલી અને હાલમાં અરજદાર નવા ભવનાથ મુકામે ભાડાના મકાનમાં તેઓના બાળકો સાથે રહે છે.વધુમાં સામાવાળા અરજદારને મારી નાખવાની ધમકી આપે છે તથા તેઓના ભાઈઓની ચઢામણીમાં સામાવાળાએ અરજદારને ઘરમાંથી કાઢી મુકેલ છે તથા ભવનાથ

મુકામે પણ ઝઘડો કરેલો અને તેઓના પુત્ર અજય અને વિજયને લોખંડની પાઈપથી તથા પથ્થરોથી માર મારેલ અને અરજદાર તથા બાળકોને મારી નાખવા છે તેવી ધમકી આપેલ.આ કામના સામાવાળા નં.૧ તેઓના ભાઈઓની ચઢામણીમાં અવારનવાર અરજદાર સાથે તેઓના ઘર પાસે આવી ઝઘડા કરે છે તથા ગાળો બોલી હેરાન કરે છે તથા અરજદારે રોકેલ વકીલ વિરુધ્ધ પણ અરજદારના ચારીત્ર વિશે ખોટા આક્ષેપો કરેલ છે જેથી અરજદારે સામાવાળાઓ વિરુધ્ધ ભિલોડા પો.સ્ટે.લેખીત ફરીયાદ આપેલી અને આ ફરીયાદના કામે તા.૧૬.૧૦.૨૧ ના રોજ સામાવાળાઓનુ બાંહેધરી ખત લેવામાં આવેલ તેમ છતાં અરજદાર અને તેઓના વકીલ વિરુધ્ધ ચારીત્ર અંગેના ખોટા આક્ષેપો કરી બદનામ કરવા અરજદાર વિરુધ્ધ ખોટી ફરીયાદ આપેલ અને અરજદારને નોકરીમાંથી સસ્પેન્ડ કરાવવા જીલ્લા શીક્ષણાધીકારી, ડી.એસ.પી.અરવલ્લી, ડી.જી.પી.ગાંધીનગરને ખોટી અરજીઓ કરેલ છે. વધુમાં અરજદારે સામાવાળાઓ વિરુધ્ધ કરેલ તા.૧૮.૧૦.૨૧ ની અરજીના કારણે સામાવાળાઓએ ભેગા મળી અરજદારને ઘરમાંની ચીજવસ્તુઓ તોડી નાખેલ છે અને અરજદાર તથા તેઓના બાળકોને ગડદાપાટુનો માર મારી ઘરમાંથી કાઢી મુકેલ છે.અરજદારે તેઓના બાળકોનુ ભવિષ્ય બગડે નહી તે હેતુથી સામાવાળાનો ત્રાસ સહન કરતા આવેલા તથા અરજદારનો મોટો પુત્ર નર્મદા નીગમમાં નોકરી કરતો હોય તેને પણ ફોનમાં બિભત્સ ગાળો આપે છે તથા પોતાની જમીનમાં હીસ્સો આપશે નહી તેવુ જણાવે છે.વધુમાં અરજદાર તેની દીકરી વિહાબેનને સાથે રાખી રહે છે અને તેનુ તમામ ખર્ચ પોતે ભોગવે છે તથા સામાવાળાઓ સાથે સમાજ મારફતે સમાધાન કરવા પ્રયત્ન કરેલ હોવા છતાં સામાવાળાઓએ તેઓનો ત્રાસ બંધ કરેલ ન હોય તથા તેઓના વર્તનમાં કોઈ ફરક પડેલ નથી.વધુમાં આ કામના સામાવાળા નં .૧ ડ્રાઈવીંગ કરી માસીક રૂ.૧૫,૦૦૦/- કમાય છે અને ખેતીકામ કરી

વાર્ષિક રૂા.૧,૦૦,૦૦૦/– જેટલી આવક મેળવે છે.વધુમાં હાલની અરજી દાખલ કરી અરજદારે તેઓની સગીર દીકરી વિહા તથા સગીર પુત્ર વિજયના ભરણપોષણની દાદ માંગેલ છે તથા સામાવાળાઓ વિરુઘ્ધ રક્ષણનો હુકમ મેળવવા તથા રહેવાની સગવડ કરવા અંગે મકાનની વ્યવસ્થા કરવા તથા વળતર પેટે રૂા.૧,૦૦,૦૦૦/–મેળવવા તથા સામાવાળાઓ તેઓની સ્થાવર અને જંગમ મિલકતનો નિકાલ કરે નહી તે મતલબનો હુકમ મેળવવા હાલની અરજી દાખલ કરેલ છે તથા આ કામમા ઘરેલુ હીંસા બાબતનો પ્રોટેકશન ઓફીસરનો રીપોર્ટ રજુ કરવામા આવેલો છે.

(૨) અરજદારની અરજી દાખલ થયા બાદ સામાવાળા વિરૂઘ્ધ નોટીસ કાઢવાનો હુકમ કરવામાં આવેલો અને સામાવાળા ઉપર નોટીસની બજવણી થઈ જતા સામાવાળા આ અદાલતમાં તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થયેલ તથા નિયત સમયમાં જવાબ રજુ કરેલ ન હોય તા.૦૫.૧૦.૨૪ ના રોજ મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા સામાવાળાનો જવાબ રજુ કરવાનો હકક બંધ કરેલ છે.વધુમાં સામાવાળાઓ તરફે હાજર થઈ વકીલશ્રીએ આંક –૧૧ ની પુરસીસ રજુ કરી વકીલ તરીકે છુટા થયા અંગે જાહેર કરેલ છે.

(૩) આ કામમાં અરજદાર તરફે નીચે મુજબના મૌખીક અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧. | અરજદાર લીલાબેન ધુળજીભાઈ બુવળનુ સોગંદનામુ | ૦૯ |

આ કામે અરજદાર તરફે આંક–૧૧ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે તથા વધુ કોઈ પુરાવો રજુ કરવો નથી તેવુ જાહેર કરેલ છે.

(૪) આ કામમાં સામાવાળાઓ તરફે હાજર થઈ કોઈ પુરાવો રજુ કરેલ નથી જેથી સામાવાળાઓનો પુરાવો રજુ કરવાનો હકક આંક–૧૨ ના હુકમથી બંધ કરવામાં આવેલ છે.

(૫)		અરજદાર તરફે વિ.વ.શ્રી.બી.એમ.પારઘીની દલીલ સાંભળી તથા સામાવાળાઓ તરફે કોઈ હાજર થયેલ ન હોય તેઓનો દલીલનો હકક બંધ કરેલ છે.

(૬)		ઉપરોકત હકીકત તથા પડેલ પુરાવાઓ ઉપરથી આ અરજીના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનો મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–:: મુ દા ::–</u>**

| | |
|---|---|
| (૧) | શું અરજદાર નિ:શંકપણે એ પુરવાર કરે છે કે,તેઓ કૌટુંબીક હિંસાનો ભોગ બનેલા છે ? |
| (૨) | શું અરજદાર માંગ્યા મુજબની જુદી જુદી દાદો મેળવવા હકકદાર છે ? |
| (૩) | શું હુકમ ? |

(૭)		ઉપરોકત મુદાઓના મારા જવાબ નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | હકારમાં, |
| (૨) | અંશત : હકારમાં, |
| (૩) | આખરી હુકમ મુજબ. |

**<u>કારણો અને મુદાઓની ચર્ચા</u>**

(૮)		આ કામમા પક્ષકારોએ રજુ કરેલ પુરાવા બાબતે ચર્ચા કરવામાં આવે તો,આ કામ અરજદારે તેમની અરજીની હકીકતો તથા તેના સમર્થનમાં આંક–૦૯ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે અને તેમાં અરજદારે પોતાની અરજીની હકીકતોને વળગી રહેલ છે અને તેને સમર્થન કરવા પ્રયત્ન કરેલ છે.

(૯)		આ કામમા આગળ ચર્ચા કરતા પહેલા કૌટુંબીક હિંસા કોને કહેવાય તેની વ્યાખ્યા જોવામાં આવે તો, કૌટુંબીક હિંસાખોરીની વ્યાખ્યા કલમ ૩ માં આપવામાં આવેલી છે અને તેમાં એવું જણાવવામાં આવેલ છે કે,

**<u>કલમ :૩</u>**

**આ અધિનિયમના હેતુઓ માટે, પ્રતિવાદીનું કોઈ પણ કૃત્ય, કાર્યલોપ, ગુન્હો આચરવો, કે વ્યવહાર કૌટુંબીક હિંસા ગણવામાં આવશે જો તે,..**

**એ) ભોગ બનનાર વ્યકિતના આરોગ્ય, સુરક્ષા, જીવન, અવયવ કે તેની સ્વસ્થતાને (માનસિક હોય કે શારિરીક) નુકશાન કે ઈજા પહોં ચાડે તેને જોખમમાં મુકે અથવા તેમ કરવાનો ઈરાદો હોય તથા તેમાં શારિરીક શોષણ, જાતીય શોષણ, મૌખિક તથા ભાવનાત્મક શોષણ અને આર્થિક શોષણનો સમાવેશ થાય છે અથવા**

**બી) કોઈ દહેજ અથવા અન્ય મિલ્કત અથવા કિંમતી જામીનગીરી માટે ગેરકાયદેસર રીતેની માંગણીને પુરી કરવા માટે ભોગ બનનાર વ્યકિત અથવા તેની સાથે સબંધ ધરાવતા વ્યકિત ઉપર દબાણ લાવવો, ભોગ બનાનર વ્યકિતને નુકશાન પહોંચાડવું, તેના ઉપર અત્યાચાર કરવો કે ભયમાં મુકવું અથવા**

**સી) ખંડ–એ અને ખંડ–બી માં જણાવેલા વ્યવહાર ધ્વારા ભોગ બનનાર વ્યકિત કે તેની સાથે સબંધ ધરાવતી વ્યકિતને ધમકી આપવી અથવા**

**ડી) ભોગ બનનાર વ્યકિતને શારિરીક, માનસિક કે અન્ય કોઈ રીતે ઈજા પહોંચાડવી કે ઈજા પહોંચાડવાનું કારણ બનવું.**

**કૌટુંબીક હિંસાખોરીથી સ્ત્રીઓના રક્ષણ બાબત અધિનિયમમાં શારિરીક શોષણ, જાતીય શોષણ,મૌખિક અથવા ભાવનાત્મક શોષણ,આર્થિક શોષણની પણ વ્યાખ્યાઓ કરવામાં આવેલી છે.**

ટુંકમાં કૌટુંબીક હિંસાખોરીની વ્યાખ્યા કરવી હોય તો એવું કહી શકાય કે,જો કોઈ વ્યકિત ભોગ બનનાર વ્યકિતના આરોગ્ય,સુરક્ષા કે જીવનને કે તેના અવયવને નુકશાન કે ઈજા પહોંચાડે અથવા તેને જોખમમાં મુકે તેમજ

જો કોઈ વ્યકિત ભોગ બનનારનું શારિરીક શોષણ,જાતીય શોષણ, મૌખિક શોષણ તથા ભાવનાત્મક શોષણ કરે તો કૌટુંબીક હિંસા કહી શકાય.વધુમાં કોઈ દહેજ માટે દબાણ કરવામાં આવે કે ભોગ બનનારની મિલ્કત ઉપર દબાણ લાવવામાં આવે કે ભોગ બનનારની સાથે સબંધ ધરાવનાર વ્યકિત ઉપર દબાણ લાવવામાં આવે તો પણ,તે કૌટુંબીક હિંસા કહી શકાય. કોઈ વ્યકિત ભોગ બનનાર વ્યકિતને કે તેની સાથેની વ્યકિતને શારિરીક જાતીય શોષણ અથવા આર્થિક શોષણ કરવા બાબતે ધમકી આપે અથવા તેમના આરોગ્ય,સુરક્ષા જીવનને નુકશાન કે ઈજા પહોંચાડવાની ધમકી આપે તો પણ તે કૌટુંબીક હિંસા ગણાય.

(૧૦) આ કામમાં અરજદારનું સોગંદનામું તથા તેની સાથે રજુ કરેલા દસ્તાવેજી પુરાવા તથા નામ.સુપ્રિમ કોર્ટના હુકમ મુજબનું સોગંદનામું વંચાણે લીધુ તથા ઘરેલુ હીંસાનો અહેવાલ વંચાણે લીધો તથાબંને પક્ષકારોની દલીલો ધ્યાને લીધી.હવે આ બાબતે ચર્ચા કરવામાં આવે તો,અરજદાર તરફે મુખ્ય રજુઆત એવી કરવામાં આવેલ છે કે તેમના પતિ તેઓ ઉપર શંકા વહેમ રાખી તેઓના ભાઈઓની ચઢામણીમાં અવારનવાર અરજદાર અને તેના બાળકો સાથે ઝઘડા કરી મારજુડ કરતા હતા અને તેઓને ઘરમાંથી કાઢી મુકેલ છે તથા સમાધાન અંગેના બાંહેધરી ખત કરી આપેલ હોવા છતાં ફરીથી ઝઘડા કરેલા અને અરજદારના ચારીત્ર વીશે ખોટા આક્ષેપો કરેલ અને ગાળો આપતા હોવાનુ અરજદારના પુરાવાથી જણાઈ આવે છે.આ કામમા સામાવાળાઓ તરફે કોઈ પુરાવો રજુ કરેલ નથી જેથી અરજદારના પુરાવાની હકીકતનુ ખંડન થયેલ નથી જેથી અરજદારની અરજી તથા પુરાવો જોતા આ કામના અરજદારના પતિ ખોટી શંકા વહેમ રાખી મારજુડ કરતા હતા અને ઘરમાંથી કાઢી મુકતા હતા તેવુ જણાય છે અને ઘરેલુ હિંસાથી સ્ત્રીઓને રક્ષણના કાયદાની કલમ–૩ ની વ્યાખ્યા જોતાં તે બધા કૃત્યોનો ઘરેલુ હિંસામાં સમાવેશ થાય છે જેથી આ

કામના અરજદાર ઘરેલુ હિંસાનો ભોગ બનેલ હોવાનું જણાય છે જેથી **મુદ્દા નં.૧** નો જવાબ **હકાર**માં આપવામાં આવે છે.

**(૧૧)** આ કામમાં અરજદાર ધ્વારા રક્ષણ હુકમ,રહેઠાણ અથવા ભાડાના હુકમ,નાણાંકીય રાહતના હુકમની તથા ઉચ્ચક રકમની માંગણી કરેલ છે.હવે આ કામમાં માંગવામાં આવેલ દાદના સંદર્ભમાં ચર્ચા કરવામાં આવે તો રક્ષણ હુકમની માંગેલ છે.આ બાબતે ચર્ચા કરવામાં આવે તો અરજદારને તથા તેના બાળકોને સામાવાળાઓ મારકુટ કરતા હતા અને ગાળો આપતા હતા અને ઘરમાંથી કાઢી મુકતા હતા તેવા આક્ષેપ કરેલ છે જેથી સામાવાળાઓ ભવિષ્યમા આવો ગુનાહીત કૃત્ય ન કરે તે માટે રક્ષણ હુકમનો આદેશ કરવો વ્યાજબી જણાય છે.

**(૧૨)** આ કામે અરજદાર ઘરેલું હિંસાનો ભોગ બનેલા છે તેવું જણાઈ છે અને આ કામમાં સામાવાળાઓએ રજુ કરેલ પુરાવાથી અરજદારની અરજીની હકીકત તથા પુરાવાની હકીકતને ખંડન કરતુ નથી તથા સામાવાળાઓ તરફે કોઈ પુરાવો રજુ કરેલ ન હોય જેથી અરજદારના પુરાવાને નહી માનવાને કોઈ કારણ જણાતુ નથી.આ કામમાં અરજદાર ધ્વારા મકાન ભાડાની માંગણી કરેલ છે પરંતુ કોઈ સ્પષ્ટ રકમની માંગણી કરેલ નથી.વધુમાં અરજદારે તેઓની અરજીમાં ભીલોડા ખાતે નવા ભવનાથ વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતા હોવાનુ જણાવેલ છે તથા તેણી હાલમાં શીક્ષીકા તરીકે નોકરી કરે છે તથા તેણીની સાથે તેઓની સગીર પુત્રી અને પુત્ર રહેતા હોવાનુ જણાવેલ છે.અરજદાર શિક્ષીકા તરીકે નોકરી કરતા હોય પોતે ભાડાનુ મકાન નિભાવવા સક્ષમ છે તથા ભાડુ ચુકવવા સક્ષમ છે જેથી અરજદારો તરફે સામાવાળાઓ વિરુધ્ધ મકાન ભાડાની માંગેલ દાદ મંજુર કરવા પાત્ર જણાતી નથી જેથી અરજદારને મકાન ભાડુ ચુકવવા હુકમ કરવો યોગ્ય જણાતો નથી.

(૧૩) આ કામમાં અરજદારે તેમની સગીર દીકરી વિહા માટે રૂા.૧૦,૦૦૦/- ના ભરણપોષણની માંગણી કરેલ છે.આ કામમા સામાવાળાની આવક બાબતે એવી હકીકત જણાવેલ છે કે સામાવાળા ડ્રાઈવીંગ અને ખેતીકામ કરી વાર્ષિક રૂા.૨,૮૦,૦૦૦/- ઉપરાંતની આવક મેળવે છે આ કામમા તે આવક દર્શાવવા કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.આ કામમાં સામાવાળાઓએ પુરાવો આપીને આ હકીકતનો કોઈ ઈનકાર કરેલ નથી પરંતુ આ કામમા અરજદારના પુરાવા સીવાય સામાવાળાની આવક દેખાડવા કોઈ પુરાવો રજુ કરવામા આવેલ નથી.વધુમાં ભરણપોષણની રકમ નકકી કરતી વખતે પક્ષકારોની સ્થીતી,અરજદારની વ્યાજબી જરૂરીયાત, અરજદારની આવક,કેટલી વ્યકિતને નીભાવવાના છે તે બાબતેનો ખર્ચ, અરજદાર તથા સામાવાળાની જવાબદારીઓ તેમજ અંદાજીત આવક અને ખર્ચ જેવી બાબતો ધ્યાનમાં લેવાની હોઈ છે.આ કામમા અરજદારે જણાવેલી રકમને દલીલ ખાતર માની લેવામા આવે તો પણ સામાવાળાની માસીક આવક પંદર હજાર જેવી થાય અને અરજદારે સગીર દીકરી માટે માસીક દસ હજાર ભરણપોષણની માગણી કરેલ છે જેથી માગ્યા મુજબનુ ભરણપોષણ મંજુર કરી શકાય નહી.આ કામમા અરજદારે જણાવેલી સામાવાળાની આવક તેમના કહેવા મુજબ ગણી લેવામા આવે અને અરજદાર અને સામાવાળાની આર્થીક પરીસ્થીતી ધ્યાને લેવામા આવે તો અરજદારની સગીર દીકરીને રુ.૪૦૦૦/- (અંકે રૂપીયા ચાર હજાર પુરા) માસીક ભરણપોષણ ચુકવવાનો હુકમ કરવામા આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવુ આ અદાલતનુ નમ્રપણે માનવુ છે.

(૧૪) આ કામમાં અરજદારે કૌટુંબીક હિંસા બાબતે વળતરની માંગણી કરેલી છે.આ કામમાં અરજદાર કૌટુંબીક હિંસાખોરીનો ભોગ બનેલા છે તેવું જણાય આવે છે.આ કામે અરજદારને સામાવાળાએ શારિરીક અને માનસિક

ત્રાસ આપવામાં આપતા હતા અને આ કામે સામાવાળા શંકા વહેમ રાખી, મારજુડ કરતા હતા અને અરજદારના ચારીત્ર વીશે ખોટા આક્ષેપ કરી મારજુડ કરતા હોવાનુ જણાવેલ છે.આ કામમા અરજદારે માંગેલ શારીરીક માનસીક ત્રાસ બાબતનુ વળતર વધારે પ્રમાણમા જણાય છે જેથી આ કામમાં ઉચ્ચક વળતર તરીકેનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું આ અદાલતનું માનવું છે જેથી રૂા.૧૦,૦૦૦/−(અંકે રૂપીયા દસ હજાર પુરા) એક વખત વળતર તરીકે ચુકવવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું આ અદાલતનું માનવું છે.વધુમાં અરજદારે તેઓની અરજીમાં સામાવાળાઓ તેઓની ગંભીરપુરા મુકામે આવેલ સ્થાવર અને જંગમ મિલકત તબદીલ કરે કરાવે નહી તેવો હુકમ કરવાની દાદ માંગેલ છે પરંતુ અરજદાર તરફે સામાવાળાઓની સ્થાવર અને જંગમ મિલકત અંગે કોઈ પુરાવો રજુ કરેલ નથી તથા સામાવાળાઓ કેટલી મિલકત ધરાવે છે તે હકીકત પુરવાર કરી શકેલ નથી જેથી સદરહુ દાદ મંજુર કરવા પાત્ર જણાતી નથી.આમ,ઉપરોકત ચર્ચા જોતાં **મુદા નં.ર** નો જવાબ **આંશિક હકાર**માં આપવામાં આવે છે અને અરજદાર આંશીક દાદ મેળવવા હકકદાર છે તેવું ઠરાવવામાં આવે છે અને **મુદા નં ૩** અન્વયે ન્યાય ના વિશાળ હિતમાં નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

**−:: આ ખ રી  હુ ક મ ::−**

હાલની અરજદારની અરજી આંશિક મંજુર કરવામાં આવે છે.

કૌટુંબીક હિંસાખોરીથી સ્ત્રીઓના રક્ષણની કલમ−૧૮ મુજબ સામાવાળા નં.૧ ને એવો આદેશ કરવામાં આવે છે કે,તેમણે અરજદાર સાથે કોઈ કૌટુંબીક હિંસાનું કૃત્ય કરવું નહી.

કૌટુંબીક હિંસાખોરીથી સ્ત્રીઓના રક્ષણની કલમ−૨૦ મુજબ સામાવાળા નં.૧ ને એવો આદેશ કરવામાં આવે છે કે,દર માસે

અરજદાર નં.ર સગીર દીકરી વિહાના ભરણ પોષણ પેટે રૂા.૪,૦૦૦/– (અંકે રૂપીયા ચાર હજાર પુરા) અરજી તારીખથી ચુકવી આપવા.

કૌટુંબીક હિંસાખોરીથી સ્ત્રીઓના રક્ષણની કલમ–રર મુજબ સામાવાળા નં.૧ ને આદેશ કરવામાં આવે છે કે,તેઓએ અરજદારને વળતર પેટે રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દસ હજાર પુરા) લમ્પસમ એક વખત ચુકવી આપવા.વધુમાં એ બાબત સ્પષ્ટ કરવામાં આવે છે કે,કલમ–રર મુજબની વળતરની રકમ માત્ર એક વખત જ ચુકવવા પાત્ર થશે.

આ હુકમની નકલ અરજદારને વિના મુલ્યે આપવી.

**આ હુકમ આજરોજ તારીખ ૦૭ મી,માહે–માર્ચ,સને–૨૦૨૬ ના ખુલ્લી અદાલતમા વાંચી,સંભળાવી જાહેર કર્યો.**

**તા : ૦૭/૦૩/૨૦૨૬**

**સ્થળ : ભીલોડા**

**(એમ.એ.મકરાણી)**
**એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**ભીલોડા**
**(જજ કોડ : જીજે૦૧૦૦૭)**